**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

---

Ref no. PN 2025-26/198 Dt. 29/10/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સુરત એરપોર્ટ ખાતે ઈન્ટરનેશનલ કાર્ગો સેવા શરૂ કરવાની ચેમ્બરની AAICLASના સીઇઓ શ્રી અજય ભારદ્વાજ સમક્ષ રજૂઆત

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૯ ઓકટોબર, ૨૦૨૫ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા કાર્ગો લોજિસ્ટિકસ એન્ડ એલાઇડ સર્વિસિસ કંપની લિમિટેડ (AAICLAS)ના સીઇઓ શ્રી અજય ભારદ્વાજ અને સુરત એરપોર્ટ ડિરેકટર શ્રી એ.એન. શર્માની ઉપસ્થિતિમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, એપીએમસીના વાઇસ ચેરમેન શ્રી હર્ષદ પટેલ અને ડિરેકટર શ્રી બાબુભાઇ શેખ તથા ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી સંજીવ ગાંધી, ચેમ્બરની એવિએશન એન્ડ એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ, કમિટી એડવાઇઝર શ્રી મનોજ સિંગાપુરી અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સુરત એરપોર્ટ ખાતે ઇન્ટરનેશનલ કાર્ગો સેવા શરૂ કરવાની રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સુરતથી હાલમાં મોટા પાયે વાયા મુંબઈ થઇને હીરા, જ્વેલરી અને ઝીંગા (શ્રીમ્પ)નું એક્ષ્પોર્ટ થાય છે. સુરત એરપોર્ટથી ઇન્ટરનેશનલ કાર્ગો શરૂ થશે તો એક્ષ્પોર્ટને વધુ વેગ મળશે અને એક્ષ્પોર્ટરોને સમય તેમજ ખર્ચ બંનેમાં રાહત મળશે. સુરતના ઉદ્યોગો અને વેપારીઓના વધતા એક્ષ્પોર્ટ

વ્યવહારને ધ્યાનમાં રાખીને સુરત એરપોર્ટ ખાતે ઇન્ટરનેશનલ કાર્ગો સેવાની તાતિ જરૂરિયાત છે, આથી વહેલી તકે આ સેવા શરૂ કરવા તેમણે AAICLASના સીઇઓ શ્રી અજય ભારદ્વાજને રજૂઆત કરી હતી.

ચર્ચા દરમિયાન એપીએમસીના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, હાલમાં દર મહિને આશરે ૧૦૦૦ ટન શાકભાજી અને ફળો સુરતમાંથી વાયા મુંબઈ એક્ષ્પોર્ટ થાય છે, પરંતુ જો સુરત એરપોર્ટ પર ઇન્ટરનેશનલ કાર્ગો સેવા શરૂ કરવામાં આવે તો તેઓએ દર મહિને ૧૦૦૦ ટન શાકભાજી અને ફળોનું સીધું સુરતથી એક્ષ્પોર્ટ કરવાની ખાતરી આપી હતી.

આ પ્રસંગે AAICLASના સીઇઓ શ્રી અજય ભારદ્વાજે સુરત એરપોર્ટના વિકાસને અનુકૂળ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ટેકનિકલ અને પ્રોસિજરલ બાબતોની સમીક્ષા કર્યા બાદ યોગ્ય પગલાં લેવામાં આવશે.

સુરત એરપોર્ટ ડિરેકટર શ્રી એ.એન. શર્માએ સુરત એરપોર્ટના વધતા ઈન્ફ્રાસ્ટ્રકચર અને લોજિસ્ટિકસ ક્ષમતા અંગે ચર્ચા કરતા ઇન્ટરનેશનલ કાર્ગો સર્વિસ માટે જરૂરી તંત્ર અને પ્રક્રિયાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.